Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐卐
卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

સંસાર સાગરને પાર થવા માટે રાગાદિ દોષોને દૂર કરી, જિનવાણી રુપી નૌકાના સહારે પાર પામી શકાય છે.

*

માનાર્હ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનાર્હ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ. એ. એમ. એડ

卐卐
卐卐

પુસ્તક : ૮૭ — મહા — આત્મ સંવત ૯૪
ફેબ્રુઆરી — વીર સંવત ૨૫૧૫
અંક : ૪ — ૧૯૯૦ — વિક્રમ સંવત ૨૦૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નમો મંત્રનો સાર | નારાયણ ચત્રભુજ | ૫૩ |
| ૨ | શ્રી સિદ્ધગિરિના શ્લોકો | લે. કર્તા ગુરૂ મનોહરવિજયજી ચરણરેણું મુનિ મનમોહનવિજયજી | ૫૪ |
| ૩ | ભેદબુદ્ધિને ટાળો | પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી | ૫૫ |
| ૪ | તીર્થંકરોના જન્મ સમયે | રતિલાલ માણેકચંદ શાહ | ૫૬ |
| ૫ | રોહિણીની કથા | કુ. જાગૃતીબેન રજનીકાંત શાહ | ૬૦ |
| ૬ | "કલીકાલ" સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય-સૂરિશ્વરજી મ, સા, જન્મ સ્થળ ધંધુકા | પ્રિન્સીપાલ ડી. સી. બેલાણી | ૬૫ |



## આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી હિંમતલાલ ભગવાનદાસ શાહ—મુંબઈ


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે
"શ્રી આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ—ભાવનગર.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.
૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.
૫. તંત્રીનું નામ : કાન્તિલાલ જગજીવનદાસ દોશી
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ—ભાવનગર.
૬. સામાયિકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

આથી હું કાન્તિલાલ જગજીવનદાસ દોશી જાહેર કરૂં છું કે ઉપરની આંપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬ ૨-૯૦ કાન્તિલાલ જગજીવનદાસ દોશી


## આવતો અંક

આત્માનંદ પ્રકાશનો આવતો અંક તા. ૧૬-૪-૯૦ ના રોજ બે માસનો સંયુક્ત અંક તરીકે બહાર પડશે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૭] વિ. સં. : ૨૦૪૬ : મહા-ફેબ્રુઆરી-'૯૦ [અંક : ૪

## 卐 નમો મંત્રનો સાર 卐

નમકારામાં અગણીત ગુણ છે કહેતાં ન આવે પાર
સમજીયે નમો મંત્રનો સાર

નાયક મંત્રાક્ષર ન જાણો નમકારાનો જીવ પ્રમાણો
નવ તત્વોમાં આત્મ તત્વના ચૌદ ભેદ નીરધાર સમજીયે.

ન અક્ષર તે જીવ સ્વરૂપે જપતાં આતમ રહે ન કુપે
ચાદ પૂરવના સકળ વિશ્વમાં જ્ઞાન તણો તે સાર સમજીયે.

નની સંખ્યા ચૌદ પ્રરૂપી જીવ ભેદ તે જીવ સ્વરૂપી
મ અક્ષરની નવની સંખ્યા પ્રમુખ પદ નવકાર સમજીયે,

સ્થાન સ્વરૂપી મ મહામંત્રે જીવનું વેદન થાતું તંત્રે
નવે તત્વમાં મોક્ષ તત્વના નવ ભેદો શુભકાર સમજીયે.

પરમેષ્ઠી પદ પાછળ રાખ્યું નમો સુત્રને આગળ ભાખ્યું
મંગલ ગુણ તે આત્મ સમર્પણ નમો મંત્ર ઉચ્ચાર સમજીયે.

જીવ ભેદ ચૌદેમાં આતમ નવ ભેદે મુક્તિનું માતમ
નારાયણને નમો મંત્રનો પુરણ લાગ્યો પ્યાર સમજીયે.

સાધ્ય તત્વ મેળવવા જેવું નવપદનું આલંબન લેવું
ત્રણે તત્વની યંત્ર ભાવના તેજ યંત્ર નવકાર સમજીયે.

શાધક તે અડસઠીયો જાણું યંત્ર પામવા મંત્ર વખાણું
તંત્ર સાધના ગુણ સ્થાનકની એવા ત્રણે પ્રકાર
સમજીયે નમો મંત્રનો સાર

—નારાયણ ચત્રભુજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધગિરિના શ્લોકો

લે : કર્તા ગુરૂ મનોહરવિજયજી ચરણરેણુ મુનિ મનમોહનવિજયજી

શ્રી આદિ જિણંદના પ્રણમી પાય,
શ્રી સરસ્વતીમાતા પાસે માંગુ સહાય;
શ્રી સિદ્ધગિરિનો કરવા શ્લોકો,
ભણતાં કલ્યાણ કરે સહુ લોકો. ૧

મહાવિદેહે શ્રી સિમંધર સ્વામી
પર્ષદા આગે ભાખે શિવગામી;
આ પૃથ્વી માહે સિદ્ધાચલ જેવો,
નથી કોઇ તીરથ જગતમાં એવો. ૨

માનવ, પશુ, પંખી જે જુએ,
દુરથી દર્શન કર્મો અનંતા ધુએ;
અનંતા જીવો સિદ્ધ થયા એણે ઠામ,
જાઝુ ફરવાનું છે શું કામ! ૩

એ ગિરીવરની યાત્રા જે કરશે,
અલ્પ ભવોમાં ભવજલ તરશે;
ઘર બેઠા ભાવે યાત્રા જો કરશો,
નિશ્ચય અલ્પ ભવે શિવ વરશો. ૪

હવે સુણો તમે યાત્રાના સ્થાન,
ભાવ પુર્વક ગાઓ ગુણ ગાન;
તળેટી પાગે ચૈત્ય વંદન કરીને,
ઉપર ચઢીને હિંમત ધરીને. ૫

રક્ષક દેવો કરશે તુમ સહાય,
યાત્રા કરતાં હરખ ન માય;
પાલીતાણામાં દક્ષિણ દિશે,
ગાતા ચઢતાં હૈડું હીસે. ૬

પ્રથમ ચઢતાં ગોવિંદ ખોમાનું દહેરૂ,
દર્શન કરતાં મુક્તિમાલ પહેરૂ;
ઉપર ચઢતા ધનવસી ટુંક આવે,
દર્શન કરજો સહુ જન ભાવે. ૭

પશ્ચિમ દિશે સરસ્વતી દહેરી,
વિદ્યા દેવીમાં જે વડેરી;
કંઇક વિદ્યાના અર્થી દર્શન આવે,
ઇચ્છા પુરક દેવી કહાવે. ૮

તસ ઉપર સમવસરણ સાર,
એકસો આઠ પારસ આધાર;
ગિરિવર ચઢતા પ્રથમ શોભે,
દર્શન પુજન કરજો શિવ લોભે. ૯

ઘનવસીટૂંક અને સમવસરણ વચ્ચે,
ગિરિવર ચઢવાના પગથીયા રચ્યે,
ઉપર ચઢીને શાન્તિ જિન રાય;
પ્રથમ ચૈત્યવંદન વાંદી જિન પાય, ૧૦

ચક્રેશ્વરી માતાની સ્તુતી કરીને,
આદિશ્વર વંદો પ્રેમ ધરીને;
ભમતીમાં પ્રથમ પુંડરીક સ્વામી,
રાયણ પગલે વંદો શિરનામી. ૧૧

ઘેટી પગલે ચૈત્યવંદન કરીને,
ઉપર ચઢજો પાય ધરીને;
નવટૂંક આદીના દર્શન કરજો,
પુજન કરીને ભવજલ તરજો. ૧૨

અનંતો લાભ શ્રી જિનવર ભાખે,
ઇંદ્રાદિક દેવોની સાખે;
મહાવિદેહમાં સ્તવના કરતાં,
ભવિજન સુણીને હર્ષ ધરતાં ૧૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભેદબુદ્ધિ ટાળો

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી

મનુષ્ય પોતાની જાત પ્રત્યે ક્ષમાશીલ. ઉદાર અને સહિષ્ણુ હોય છે. તેથી પોતાના દોષને ભૂલી શકે છે. અને ગુણને યાદ રાખે છે. બીજાના ગુણને અને પોતાના દોષને ઝટ ભૂલી જાય છે. બીજાના દોષને અને પોતાના ગુણને સારી રીતે યાદ રાખે છે. તેની પાછળ પોતાના-પરાયામાં ભેદબુદ્ધિ મુખ્ય કારણ છે.

ભેદબુદ્ધિનું કારણ આત્મજ્ઞાનનો અભાવ છે. આત્મજ્ઞાન વધવાથી સ્વ-પર ભેદબુદ્ધિ ટળી જાય છે.

'જેને હું પોતાનો સમજુ છું', તે માત્ર મારા દેહમાં જ નથી; પણ સર્વ દેહમાં રહેલો છે. એક જ આત્મા સર્વ દેહોમાં પ્રસરેલો છે, વસેલો છે. અર્થાત્ આત્મત્વેન આત્મા સર્વ સમાન છે-એમ માનવાથી સર્વ પ્રત્યે સ્વતુલ્ય સહિષ્ણુતા ઉદારતા અને ક્ષમાશીલતા પ્રગટે છે. ચિત્તશુદ્ધિ થવાથી આત્મજ્ઞાન વધે છે. વ્યાપક આત્મજ્ઞાન સમગ્ર સૃષ્ટિ સાથે એકત્વ બુદ્ધિ પેદા કરે છે. સ્વ-પર ભેદ બુદ્ધિ ટળે છે.

આત્મા-આત્મા વચ્ચે ભેદ રહે છે, ત્યાં સુધી અભય-અદ્વેષ આદિ ઉત્તમ ગુણો દબાયેલા રહે છે.

'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાનો એકડો શીખવાડનાર મંત્રાધિરાજ શ્રી નવકારના આરાધકને પણ ભેદબુદ્ધિ ખટકવી જોઈએ.

આ ભેદબુદ્ધિ જ આત્માનો અરિ છે. તેનો નાશ 'નમો અરિહંતાણં' કરે છે.

નમસ્કારની પરિણતિ એટલે અભેદ બુદ્ધિનો સચોટ અનુભવ સર્વ જીવોને ચાહવાની શ્રેષ્ઠ કળામાં નૈપુણ્યતા સાધીને જ જીવ, શિવપદનો અધિકારી બને છે. આ ચાહના તે સ્નેહ પરિણામ છે. જે અભેદ બુદ્ધિનો પરિપાક છે.

(અનુસંધાન પાના નંબર ૫૪ નું ચાલુ)

ભરતક્ષેત્રમાં ભવિ જન સુણો,
યાત્રા કરતાં લાભ અનંત ગુણો;
મનોહર આદિ જિનનું સ્મરણ કરતાં,
મનમોહન વિજય કલ્યાણને વરતા ૧૪

વિક્રમ વિશ પિસ્તાલીશ સાલે,
આશ્વિન શુકલ પ્રતિપદાકાલે;
ભાદ્રપદ અમાવસ્યાએ સ્તવના કરીને,
સિદ્ધગીરી વંદુ ભાવ ધરીને. ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરોના જન્મ સમયે

(ભાગ-૨)

લેખક : રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

[ગતાંક પાના ૪૯ થી ચાલુ]

દીક્ષા લઇને તેઓ ઇન્દ્રિયો અને મનને સંપૂર્ણ વશ કરે છે. સંયમ, સમતા, સમાધિની અપૂર્વ સાધના કરે છે. તપ. તિતિક્ષાની તીક્ષ્ણ તલવાર વડે કરીને કર્મશત્રુઓનો સંહાર કરે છે. જ્યાં સુધી કેવળજ્ઞાન (પૂર્ણ જ્ઞાન) પ્રગટ ન થાય ત્યાં સુધી જમીન પર નિરાંતે પગ વાળીને બેસતા નથી. મોટા ભાગે કાર્યોત્સર્ગ ધ્યાનમાં રહે છે. મન-વચન-કાયાને સ્થિર કરે છે. પછી ઉગ્ર અને એકાગ્ર ધ્યાનના પ્રભાવે ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થઈને ચાર ઘાતી કર્મોની આમૂલ ક્ષય કરીને વીતરાગ-સર્વજ્ઞ બને છે. આ તારક તીર્થંકરોને કેવળજ્ઞાન પ્રગટ થતાં જ સ્વર્ગમાં ઇંદ્રો અને દેવો કેવળજ્ઞાનનો મહિમા કરવા ભક્તિભર્યા હ્રદયે ઉતરી આવે છે. ઇન્દ્રો અને દેવો ત્યાં તારકો પાસે આવીને તીર્થંકર દેવોની સ્તુતિ કરે છે અને ભગવાનને બે હાથ જોડી વિનંતી કરે છે કે- હે, નિષ્કારણ બંધુ! હે કરુણા સાગર! આપ હવે અમારા જેવા સાંસારિક જીવોને તારવા ધર્મતીર્થની સ્થાપના કરવા કૃપા કરો, પછી ત્યાં ચારે નિકાયના દેવો ભેગા મળીને ત્યાં દિવ્ય સમોવસરણની તત્કાળ સોહામણી રચના કરે છે. વાયુકુમાર દેવો ચોતરફથી એક યોજન (૪ ગાઉ) સુધીની જમીનને વાયુ વિકુર્વીને શુદ્ધ કરે છે, તેના પર મેઘકુમાર દેવો સુગંધી જળની વર્ષા વર્ષાવીને ઉડતી ધૂળ-રજને શાંત કરે છે. છએ ઋતુના દેવો પંચવર્ણી સુગંધી પુષ્પોની તે જમીન પર વર્ષા કરે છે. પછી વાણવ્યંતર દેવો તે સ્વચ્છ અને સુંદર સુગંધીત બનેલા પૃથ્વી તલને મણીઓ, સુવર્ણ અને રત્નો વડે શણગારે છે.

આવા સુંદર અને સુશોભિત પૃથ્વી તલ પર વૈમાનિક દેવો રત્નનો અંદરનો સુંદર ગઢ બનાવે છે અને જ્યોતિષી દેવો સુવર્ણનો બીજો ગઢ બનાવે છે અને ભવનપ્રતિ દેવો ચાંદીનો ચમકતો ત્રીજો ગઢ બનાવે છે. આ ત્રણ ગઢની રચનાને શાસ્ત્રીય ભાષામાં સમવોસરણ કહેવાય છે ભગવાન તીર્થંકરોને ઉપદેશ આપવા બેસવા માટે દેવો ભક્તિથી આવી ભવ્યાતિભવ્ય અજોડ વ્યાખ્યાન પીઠ બનાવે છે. પછી તેના પર ભગવાનને બેસવા માટે રત્નમય સિંહાસન સ્થાપે છે, પછી તેના પર ત્રણ દિવ્ય છત્રોની સોહામણી રચના કરે છે અને સમવસરણને ચાર દિશામાં ચાર દરવાજા હોય છે. આ સર્વજ્ઞાનવાળા ત્રિકાળજ્ઞાની તારક તીર્થંકરો આ દિવ્ય સમવસરણમાં પૂર્વાભિમુખ રત્નમય સિંહાસન પર બેસીને બાર પર્ષદા સમક્ષ પાંત્રીસ ગુણયુક્ત વાણી વડે દેશના આપે છે. તીર્થંકરોના ઉપદેશ કે પ્રવચનને દેશના કહેવામાં આવે છે. કારણ કે તે તારકોની વાણી નાસ્તિકોની નાસ્તિકતાને દેશવટો આપનારી છે, મહારાગીઓના રાગને દેશ નિકાલની સજા ફટકાવનારી છે, કામાંધોની કામવાસનાને નિર્વાસીત બનાવનારી છે, મહાપાપીઓના પાપોને પાતાલમાં પહોંચાડી દેનારી છે, મહામિથ્યાત્વીઓના મિથ્યાત્વનું મોત બોલાવી દેનારી છે, મહાક્રોધીઓના ક્રોધનું કાસળ કાઢનારી છે, મહા ઘમંડીઓના ઘમંડનો મૃત્યુઘંટ વગાડનારી છે, મહાલોભીયાના લોભને લાત મારીને લાચાર બનાવી દેનારી છે, મહા ખાઉધરાઓના ખાઉધરાપણાને ખાઇમાં ખોદીને ખોસી દેનારી છે, મહાક્રૂર એવા માનવો અને જંગલી હિંસકપશુઓના ક્રૂરતાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કબ્રસ્તાનમાં લાટી દેનારી છે, જુઠ્ઠાબોલાઓના જુઠ્ઠને જાકારો આપનારી છે, નામચીન ચોરોની ચોરી મંતરનારી છે.

આ તારક તીર્થંકરોની આવી દેશના ચાર ગાઉ સુધી સૌને એક સરખી સંભળાય છે. આ તારકો દેશના આપે અર્ધ માગધી ભાષામાં પણ શબ્દ અને સ્વરના સમ્રાટ એવા આ તારકોની ભાષાને સૌ શ્રોતાઓ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. મેઘ ગંભીરવાણી આ તારકોની હોય છે, માલકોષ રાગમાં મધુર સ્વરે આ તારકો આપે છે, તે પણ પ્રતિધ્વની ઉત્પન્ન થાય તેવી વાણીમાં કયાંયે જરાએ સ્વ પ્રશંસા કે પરનિંદા આવતી નથી, સાંભળતાજ કાન અને હૃદયને આનંદ ઉત્પન્ન કરે એવી કર્ણપ્રિય અને હૃદયગમ-અર્થગંભીર વાણી બોલે છે. બોલતા કયાંયે જરાયે વ્યાકરણની ભૂલ કે કાના માત્રા કે હ્રસ્વ દીર્ઘની ભૂલો આવતી નથી. વાણી સંપૂર્ણ સંસ્કારી અને વૈરાગ્ય રસથી તેમજ તત્ત્વથી પૂર્ણ હોય છે. વાણીનો પ્રવાહ અસ્ખિલત હોય છે. શ્રોતાઓની જિજ્ઞાસાને ઉત્તરોત્તર ઉત્તેજિત કરનારી હોય છે. વાણી બોલતાં જરાયે મુખ પર ગ્લાની કે શ્રમ ન જણાય, આ દેશના વખતે વ્યાખ્યાન સભામાં સંપૂર્ણ શાંતિ હોય છે આખી બારે પર્ષદામાં આ તારકોની વાણીનો રણકાર વ્યાપી જાય છે. એક ચિત્તે મંત્રમુગ્ધ બનીને કંટાળ્યા સિવાય જાગ્રત મને સાંભળે છે. ચાર ગાઉના આ સમવસરણની ભૂમીમાં કરોડો દેવ-દેવીઓ અને કરોડો માનવો, પશુ, પંખીઓ સમાઈ જાય છે. સ્હેજ સંકડાસ પડતી નથી. આ બધો પ્રભાવ તારક તીર્થંકરોનો હોય છે. આ તારક તીર્થંકરોની દેશના સભામાં આ પ્રમાણે બાર પર્ષદા હોય છે :—

| | | |
|---|---|---|
| ભવનપતિ દેવલોકના દેવ દેવીઓ | | ૧-૨, |
| વ્યંતર | ,, ,, | ૩-૪, |
| જ્યોતિષ દેવલોકના દેવ-દેવીઓ | | ૫-૬, |
| વૈમાનિક | ,, ,, | ૭-૮, |
| ત્યાગી સાધુ-સાધ્વીઓ | | ૯ ૧૦, |
| મનુષ્યો અને મનુષ્યોની સ્ત્રીઓ | | ૧૧-૧૨, |

આ સિવાય (મનવાળા) પશુ-પક્ષીઓ પણ ભગવાનની દેશના સાંભળવા આવે છે.

આ તારકો દેશના આપે ત્યારે ભગવાનની બે બાજુ શ્વેત ચામર વીંજતા દેવો અથવા ઇન્દ્રો ઊભા હોય છે. આખી આ વિશાળ વ્યાખ્યાન સભાને શીતળછાયા આપતો ઘટાદાર અશોક વૃક્ષને ત્યાં દેવો ખડો કરી દે છે. આ તારકોની વાણીમાં એવો ચમત્કાર હોય છે કે કરોડો શ્રોતાઓના મનમાં ઉત્પન્ન થયેલા જુદા જુદા સંશયોને (શંકાઓને) ભગવાન એક સાથે દૂર કરે છે.

આ તારક તીર્થંકર જે દિવસે પોતાને પૂર્ણ-જ્ઞાન પ્રગટ થાય તેજ દિવસે ધર્મતીર્થની એટલે કે, સાધુ-સાધ્વી, શ્રવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. ગણધરોની સ્થાપના પણ એજ વખતે કરે, ગણધરો એટલે આ તારક તીર્થંકર ભગવાનના સૌ પ્રથમ અને પ્રમુખ શિષ્યો. આ ગણધરો પણ ગણધર નામ કર્મનું વિશિષ્ટ પુણ્ય લઈને આવેલા હોય છે. મહાબુદ્ધિ નિધાન, બીજ બુદ્ધિના ધણી અને સારી લબ્ધિને ધારણ કરનાર અતિ રૂપવાન, પરમ વિનિત, અતિ ગંભીર અને નક્કી મોક્ષે જનારા હોય છે આ તારક તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય ત્યાં ભાગ્ય કે ભવિતવ્યતાના યોગે આ ગણધર બનનારા મહાન ભાગ્યવંતા માનવીઓ આવીને તીર્થંકરોના સમોવસરણમાં ઉપસ્થિત થઇ જાય છે. ભગવાનની વૈરાગ્યમય અને તત્ત્વમય વાણી સાંભળીને આ ગણધરોના હૃદય વૈરાગ્યથી વાસિત બની જાય છે અને સંસારની તમામ મિથ્યા મોહમાયાને ફગાવી દઇને આ ગણધરોના જીવો આ તારકો પાસે દીક્ષા લે છે, દીક્ષા વિનાનો તત્ત્વની શિક્ષા પણ ન મળેને ?

દીક્ષા લઈને નત મસ્તકે હાથ જોડીને આ તારક તીર્થંકર ભગવાનને પ્રશ્ન પૂછે છે કે, ભયવં ! કિંતત્ત ? હે ભગવાન ! તત્ત્વ શું છે? તે ફરમાવો ભગવાન તુરત તેના ઉત્તરમાં કહે છે કે 'ઉત્પન્નેઇયા ! ઉત્પન્ન પણ થાય છે, તેનો મહાબુદ્ધિ નિધાન ગણધરો વિચાર કરે છે કે, જો આ જગતની વસ્તુઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિરંતર ઉત્પન્ન જ થયા કરે તો પછી બધી સમાય કયાં ? માટે મનનું સમાધાન ન થતાં બીજી વાર ભગવાનને પ્રશ્ન કરે છે કે, 'ભયવં કિંતત્ત ?' તો ભગવાન કહે છે કે, વિગમેઇવા ! નાશ પણ પામે છે તે તત્ત્વ વળી ગણધરો આ ઉત્તર સાંભળીને મનમાં વિચારે છે કે, જો આમનેઆમ જગતની વસ્તુઓ સદા ઉત્પન્ન થયા કરે અને નાશ પામ્યા કરે તો શું કોઇ સ્થાયી તત્ત્વ જ જગતમાં નહીં હોય ? એટલે પુન: શક્તિ બનેલા પ્રમુખ શિષ્યો ભગવાનને પ્રશ્ન કરે છે કે 'ભયવં કિંતત્ત ?' તો તેના જવાબમાં ભગવાન ફરમાવે છે કે 'ધુવેઇવા' સ્થિર પણ છે. આ છેલ્લો જવાબ પરમાત્માના શ્રીમુખેથી સાંભળીને ગણધરોના હૃદયમાં એકદમ તત્ત્વનો પ્રકાશ થઇ જાય છે. સાચું તત્ત્વ હાથમાં આવી જાય છે. આ ગણધરોના ત્રણ વારના ત્રણ પ્રશ્નો અને તેના પરમાત્માએ આપેલા ત્રણ જવાબો તેનું નામ ત્રિપદી કહેવાય છે. આ ત્રિપદી એટલે સકલ જ્ઞાનનો ખજાનો ખોલવાની મુખ્ય ચાવી, આ સકલ જ્ઞાનનો ખજાનો ખોલવાની મુખ્ય ચાવી જ તારક તીર્થંકર ભગવાન ગણધરોના હાથમાં મૂકી દે છે આ ચાવી વડે ગણધરો સકલ દ્વાદશાગી રૂપી ખજાનો ખોલી નાખે છે. ચાવી હાથમાં આવ્યા પછી ખજાનો ખોલતા કેટલી વાર લાગે ? આ ગણધરો આ ત્રિપદી રૂપ ચાવી હાથમાં આવતાં સકલ શાસ્ત્રોની રચના ૪૮, મિનિટની અંદર કરે છે. ગણધરોએ રચેલા સકલ શાસ્ત્રોને જગત સમક્ષ પ્રમાણિ તરીકે (સત્ય તરીકે) પુરવાર કરવા ખુદ અનંતજ્ઞાની તીર્થંકર ભગવાન પોતે સિંહાસન પરથી ઊભા થઇને ઇંદ્રોએ તૈયાર રાખેલા સુગંધી ચૂર્ણનો થાળ તેમાંથી મુઠ્ઠી ભરીને નત મસ્તકે ઊભા રહેલા દરેક ગણધરના મસ્તક ઉપર નાખે છે અને ગણધરોને દ્રવ્ય, ગુણ, પર્યાયથી આ રચેલી દ્વાદશાંગીની અનુજ્ઞા (આજ્ઞા) આપે છે. આ ગણધરોએ રચેલી દ્વાદશાંગી એજ જિનેશ્વરદેવના ધર્મશાસનનો મુખ્ય આધાર છે. આ તારક તીર્થંકરોની દેશના અમોઘ હોય છે, તેથી મોટા ભાગના શ્રોતાઓ મોહ નિંદ્રામાંથી જાગ્રત બની ધર્મ પુરુષાર્થ માટે ઉધત બને છે, ઘણા મનુષ્યો તો સંસારના તમામ સુખો અને સંબંધોનો સંપૂર્ણ ત્યાગ કરીને સાધુ કે સાધ્વી બની જાય છે. જે મનુષ્યોની શક્તિ સર્વ ત્યાગ કરવાની ન હોય, તેઓ સર્વ ત્યાગના આદર્શ સાથે શ્રાવક ધર્મ (શુદ્ધ શ્રદ્ધા સાથે બારવ્રત સ્વીકારવાને) સ્વીકારે છે. આમ તીર્થંકર ભગવંતોની સચોટ દેશનાથી હજારોની સંખ્યામાં સાધુઓ અને લાખોની સંખ્યામાં શ્રાવકો બને છે.

આ તીર્થંકર દેવો બાર પર્ષદા સમક્ષ રોજ સવાર–સાંજ એકેક પ્રહર દેશના આપે છે, આ ઉપદેશનું કાર્ય ઠેઠ પોતાના નિર્વાણ સુધી કરે છે, આ તીર્થંકર દેવોનું મુખ્ય કાર્ય મોક્ષ માર્ગનો ઉપદેશ આપવાનું હોય છે. તે માટે તેઓ દાન, શીલ, તપ અને ભાવ આ ચાર પ્રકારનો ધર્મ જગતને બતાવે છે.

દાનમાં–અભયદાન, સુપાત્રદાન અને જ્ઞાનદાન કરવાનું.

શીલમાં–વ્રત-નિયમોનું નિર્મળ પાલન કરવાનું.

તપમાં–અનશનાદિ બાર–પ્રકારનો તપ કરવાનું.

ભાવમાં–ઉત્તમ ભાવના રાખવાનું.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એજ એક મોક્ષનો માર્ગ છે એવું દૃઢપણે ફરમાવે છે.

તે ઉપરાંત જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર નિર્જરા. બંધ અને મોક્ષ, આ નવ તત્ત્વોનો અનેકાંતવાદની શૈલીથી પ્રકાશિત કરે છે.

તે સિવાય આ વિશ્વનો કોઈ કર્તા નથી, આ વિશ્વ અને વિશ્વના દ્રવ્યો અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેવાનાં છે, ચાર ગતિમય સંસાર દુ:ખ પૂર્ણ છે, વિષય ભોગો એ જ સકલ દુ:ખોનું મૂળ છે, વિષય ભોગોનો ત્યાગ એ જ સકલ સુખોનું મૂળ છે. પ્રમાદએ આત્માનો કટ્ટો શત્રુ છે, તેનાથી સદા સાવધ રહેવું. કામ, ક્રોધ, લોભ, એ ભવ વૃક્ષનું મૂળ છે. સાંસારિક આત્માઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આઠ કર્મોથી અનાદિ કાળથી ઘેરાયેલા છે. તું તારા આત્માને અને તારી ચીજને ઓળખ. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને દુષ્ટ મન-વચન અને કાયાના યોગથી આત્મા કર્મોથી પ્રતિસમય બંધાય છે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહને ત્યાગ કરવો, ક્ષમાદિશ ધર્મોની આરાધના કરવી મોક્ષમાં જ સાચું, સ્વાધીન, શાશ્વત અને સંપૂર્ણ સુખ છે. તમે તમારી ઇન્દ્રિયોને છૂટો દોર આપશો નહિ, મનને વશ કરવું, મોક્ષને જ આદર્શ રાખવો સંસારિક સુખોની લાલસાથી ધર્મ ન કરવો. મિથ્યા માન્યતાઓનો ત્યાગ કરવો, સુદેવ, સુગુરુ, સુધર્મની જ ઉપાસના કરવી, સર્વ પાપોના ત્યાગ વાળા અને પંચાચારની નિરંતર સાધનાવાળા સાધુ ધર્મથી જ મોક્ષ મલે છે કર્મના સંયોગથી જ સંસાર છે અને કર્મના સર્વથા વિયોગથી મોક્ષ છે. આ પ્રમાણે તારક તીર્થંકરોનો ઉપદેશનો મુખ્ય સૂર હોય છે.

તીર્થંકરોનુ કામ અનાદિકાળથી જન્મ-જરા-મરણના દુ:ખોથી ત્રાસી ગયેલા જીવોને ભવસાગર-માંથી પાર ઉતારવાનું. આ તારકોને શાસ્ત્રોમાં તીર્થપતિ, તીર્થકર્તા, તીર્થભર્તા, તીર્થેશ, તીર્થ-નાયક, તીર્થઅધિપતિ, તીર્થસેવ્ય, તીર્થપ્રણેતા, ધર્મતીર્થંકર, તીર્થકારક, તીર્થાધિશ, તીર્થવિધાયક, તીર્થનાથ, તીર્થરાજ, તીર્થપ્રકાશક, તીર્થવન્ધ, તીર્થમુખ્ય, તીર્થારાધ્ય પણ કહ્યાં છે.

આ તારક તીર્થંકરો કેવળજ્ઞાન થયા પછી એક નગરથી બીજા નગરમાં એક ગામથી બીજે ગામ પગે ચાલીને વિચરે છે, સાથે હજારો સાધુ-સાધ્વીઓ અને ઓછામાં ઓછા એક કરોડ દેવો સેવામાં હોય છે. દેવોએ રચેલા સુવર્ણ કમળો પર પગ મૂકીને ચાલે છે, જ્યાં જ્યાં આ તારક તીર્થંકરોના પાવન પગલાં પડે ત્યાંથી આસપાસ પાંચસો ગાઉ સુધી મારી મરકી, રોગો, દુષ્કાળ, યુદ્ધનો ભય વગેરે પલાયન થઈ જાય છે. રસ્તામાં આ તારકોને વૃક્ષો પણ નમે છે. પક્ષીઓ પ્રદક્ષિણા દે છે, કાંટા ચત્તા હોય તો ઉંધા થઈ જાય છે, આવા તારકોને કુલ ચોત્રીસ અતિશયો (વિશેષતાઓ) હોય છે.

આ તારક તીર્થંકરોનું આયુષ્ય પૂર્ણ થતાં સદા માટે આ સંસાર અને શરીરનો ત્યાગ કરીને શાશ્વત એવા મોક્ષમાં જાય છે, પુનઃ કદીએ સંસારમાં પાછા આવતા નથી.

## શોકાંજલી

શ્રી કુમુદરાય પ્રતાપરાય શાહ (ઉંમર વર્ષ ૫૫) તા. ૨૭-૧-૯૦ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલન-સાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

## શોકાંજલિ

શ્રી સુધાકર શીવજીભાઈ શાહ (ઉંમર વર્ષ ૬૦) તા. ૩૧-૧-૯૦ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના પેટ્રન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રોહિણીની કથા

લેખક : કુમારી જાગૃતિબેન રજનીકાંત શાહ–ભાવનગર

જે કાંઇ મનમાં ઇચ્છા થાય તે સર્વ તપના પ્રભાવે મળી જાય. ઇષ્ટ વસ્તુનો સંયોગ થાય અને અનિષ્ટ વસ્તુનો વિયોગ થાય. ખરાબ અને અયોગ્ય આહાર તથા પાણી જાણીને જે જીવ સાધુને વહોરાવે તે આહાર પચે નહિ. આવો અનિષ્ટ ખોરાક આપનાર પ્રાણીને અનિષ્ટ જ થાય છે. તે માટે રોહિણીની કથા પ્રસિદ્ધ છે.

ચંપા નગરી નામના મોટા શહેરમાં બારમાં તીર્થંકર ભગવંત શ્રી વાસુપુજ્યસ્વામીનો પુત્ર મઘવા નામનો રાજા રાજ કરતો હતો. તેને લક્ષ્મણા નામની રાણીથી આઠ પુત્રો થયા. બાદ આઠ પુત્રો ઉપર એક પુત્રી થઇ. તે પુત્રી ખૂબ જ વહાલી હોવાથી તેનું નામ રોહિણી પાડયું પાંચ ધાવમાતા વડે લાલન-પાલન કરાતી તે ધીમે-ધીમે કિશોરાવસ્થા પામી ભણી-ગણી સ્ત્રીઓની સર્વકળાઓ શીખીને રોહિણી મહાચતુર થઇ. તે યૌવન અવસ્થા પામી ત્યારે તેનું સ્વરૂપ ઝળકી નીકળ્યું એટલે રાજા-રાણીએ તેને માટે સુયોગ્ય વરની તપાસ કરવા માંડી છેવટે સ્વયંવર રચ્યો. તેમાં દેશ દેશાવરના વિદ્યાધર રાજાઓને અને કુમારોને નિમંત્ર્યા. રાજાઓ પણ ચંપા નગરીમાં તંબૂ નાંખીને રહ્યા.

મઘવા રાજાએ પણ પોતાની કુંવરીને સોળે શણગાર સજાવ્યા અને હાથમા વરમાળા આપીને સ્વયંવર મંડપમાં મોકલી... રોહિણીની આગળ તેની દાસી અરીસો લઇને ચાલતી હતી અને રાજકુમારોને બતાવતી તેના ગુણગાન ગાતી નાગપુરના વિતશોક રાજાના પુત્ર અશોકકુમારને રોહિણીએ પોતાની વરમાળા પહેરાવી. રોહિણીને સુયોગ્ય વર મળવાથી સૌ અતિ હર્ષ પામ્યા. મઘવા રાજાએ મહોત્સવપૂર્વક રોહિણીના લગ્ન કર્યાં. સર્વે રાજાઓને તેઓને યોગ્ય હાથી, ઘોડા, વિગેરેના ભેટણાં આપીને માનભરી વિદાય આપી અને અશોકકુમારને પણ ઘણાં હાથી, ઘોડા, દાસ, દાસી, સોના-રૂપાના ઘરેણાં વગેરે દાયજો આપીને નાગપુર તરફ વિદાય કર્યા. અશોકકુમાર રોહિણી સાથે નાગપુર પહોંચ્યો એટલે વિતશોક રાજાએ મહોત્સવ પૂર્વક પોતાના કુંવરનો નગર પ્રવેશ કરાવ્યો, થોડા સમય બાદ વિતશોક રાજાએ પોતાના પુત્રને રાજ્યગાદી સોંપી અને વૈરાગ્યવાન થઈ દીક્ષા અંગીકાર કરી.

અશોકરાજા રાજ્યવૈભવ ભોગવતો, રોહિણીરાણી સાથે સંસાર સુખ ભોગવતો, નાગપુરમાં રાજ્ય કરવા લાગ્યો. તેને આઠ પુત્રો અને ચાર પુત્રીઓ થઇ. તેના રાજ્યમાં પ્રજા સુખી હતી અને રામરાજ્ય પ્રવર્તતું હતું. તે રીતે રાજારાણી સુખ ભોગવતા રહેતા હતા. એક દિવસ અશોકરાજા અને રોહિણીરાણી પોતાના મહેલના ઝરૂખામાં બેસીને નગરચર્યા જોતા હતાં. મહેલની પાછળ એક વણિકનું ઘર હતું. તેના પુત્ર મરી ગયો હતો એટલે તેના માતા-પિતા અને અન્ય સગાસંબંધીઓ મોટાસાદે રડતા હતા. તે સાંભળીને રોહિણીએ પોતાના પતિને પૂછયું કે– હે, સ્વામિન! આ તે કેવા પ્રકારનું નાટક કહેવાય? આ સાંભળીને અશોક રાજાએ કહ્યું કે, હે રાણી! તું અભિમાન ન કર અત્યારે તું ધન અને યૌવનના મદથી ચકચૂર છો. પણ મદ કરવો એ સમજુ મનુષ્યોને યોગ્ય નથી. કહ્યું છે કે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ધન જોબન ઠકુરાઈયાં,
સદા સુરંગી ન હોય;
જયું રૂખા ત્યાં માણસા,
છાંહ ફિરેતી જોય."

માટે એ અસ્થિર રિદ્ધિ છે. તેનો મદ કરવો ન ઘટે. આ સાંભળીને રોહિણી બોલી કે, હે સ્વામિન! હું તો જરા પણ મદમાં બોલતી નથી. પરંતુ મેં આવું દ્રશ્ય કદી પણ જોયું નથી તેથી હું તમને પૂછતી હતી. તમે તો લાંબી લાંબી વાતો કરીને મને મદવંતી કહો છો? રાજાએ કહ્યું, કે, જો એ નાટક હું તનેદેખાડું છું કે જેથી તું પણ એવું નાટક કરતાં શીખી જઈશ. આમ કહીને અશોક રાજાએ રોહિણીના ખોળામાંથી નાનો પુત્ર ઉંચકી લીધો અને તેને ઝરૂખામાંથી નીચે નાંખ્યો. રાજમહેલમાં હાહાકાર મચી ગયો પણ રોહિણીને આથી જરાપણ દુઃખ થયું નહિ તે આ વાતમાં કાંઈ સમજી જ નહિ. પુત્ર દીર્ઘ આયુષ્યવાળો અને મહાભાગ્યશાળી હોવાથી દેવીએ તેને પડતો ઝીલી લીધો. નગરના લોકો ખૂબ જ વિસ્મય તથા હર્ષ પામ્યા. અશોક રાજાએ રોહિણીને કહ્યું કે, હે દેવી! હું તને રોવા–કૂટવાની કળા શીખવતો હતો પણ તે પૂર્વભવમાં મહાપુણ્ય ઉપાર્જન કર્યું હશે તેથી તારે દુઃખ અનુભવવું પડ્યું નહિ. આ બાળકને નીચે ફેંકી દેવા છતાં તને જરા પણ દુઃખ ન થયું તે કયાં પુણ્યનો પ્રતાપ છે. એ કોઈ જ્ઞાની ગુરૂ આવશે ત્યારે પૂછશું.

થોડા સમય બાદ શ્રી વાસુપૂજ્યસ્વામીના શિષ્યો નાગપુર નગરની બહાર ઉદ્યાનમાં આવીને સમોવસર્યા તે જાણી રાજા–રાણી પરિવાર સહિત તેઓને વંદન કરવા ગયા અને ધર્મોપદેશ સાંભળવા બેઠા. ગુરૂપદેશ સાંભળી રહ્યા પછી રાજાએ ગુરૂદેવને પૂછયું કે, હે મહારાજ! આ મારી રાણી રોહિણીએ પૂર્વભવમાં એવા શું સુકૃત્યો કર્યા છે કે જેથી એ કાંઇ પણ દુઃખ પામતી નથી. મારો પણ એના પર અથાગ પ્રેમ છે. પુત્ર-પુત્રીનું પણ સુખ છે.

મુનિરાજે કહ્યું કે, રાજન? રોહિણી પૂર્વભવે ઉજ્જયંતગિરિ નગરીના રાજા પૃથ્વીપાલની સિદ્ધિમતી નામની રાણી હતી. એક વખત સિદ્ધિમતી રાણી સાથે પૃથ્વીપાલ રાજા વનમાં ક્રિડા કરવા ગયો ત્યાં રાજાએ એક સાધુને જોયા. તે સાધુ માસક્ષમણના પારણા માટે નગર તરફ જઇ રહ્યા હતા. રાજાએ તેમને વંદન કર્યું અને રાણીને કહ્યું કે, રાણી? આ સાધુ મહાન ઋષીવર છે, માટે તું ઘરે જઇને તેમને શુદ્ધ આહાર આપ. તે સાંભળી રાણી ખૂબ ગુસ્સે થઇ અને મનમાં વિચારવા લાગી કે આ મૂંડો કયા રંગમાં ભંગ પડાવવા આવ્યો? મારા સુખમાં અંતરાય પાડવા આ કયાંથી આવી ચડયો? આમ મનમાં ગણગણતી રાણીએ પોતાની પાસે કડવું તુંબડુ હતું તે તેમને વહોરાવી દીધું, તે લઇ સાધુએ વિચાર્યું કે આ અન્ન જયાં પરઠવીશ ત્યાં અનેક જીવોનું મૃત્યુ થશે એમ ચિંતવી પોતેજ તેનો આહાર કરીને પારણું કર્યું. કડવા તુંબડાના વિષથી મુનિરાજ શુભધ્યાને મરણ પામીને મોક્ષે ગયા.

જયારે રાજાને આ વાતની ખબર પડી ત્યારે તેણે રાણીને પોતાના મહેલમાંથી બહાર કાઢી મૂકી, રાણી જંગલમાં રખડવા લાગી અને આવા અઘોર પાપને લીધે થોડા દિવસમાં જ તેને કોઢનો અસહ્ય રોગ લાગુ પડયો, તેની વેદના અનુભવતા–અનુભવતા મરણ પામીને છઠ્ઠી નરકે ગઇ, ત્યાંથી નીકળીને તે રાણીનો જીવ નરક તિર્યંચના અનેક ભવોમાં રખડીને ચંડાલના ભવમાં આવી તે ભવમાં નવકારમંત્રનું સ્મરણ કર્યું. તેથી તે જ નગરમાં એક શ્રેષ્ઠીને ત્યાં પુત્રી તરીકે અવતરી તેનું નામ દુર્ગંધા રાખ્યું.

જ્યારે તે દૂર્ગંધા યૌવન અવસ્થા પામી ત્યારે તેના પિતાએ તેનો વિવાહ કરવાની તૈયારી કરી, લગ્ન સમયે જ્યારે વરની સાથે હસ્ત મિલાપ થયો ત્યારે તેનો હાથ અગ્નિની જેમ બળવા લાગ્યો તેથી વરરાજા તેનો હાથ પડતો મૂકીને નાસી ગયો, તેને ઘણું સમજાવવા છતાં પણ હવે તે કન્યા સાથે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કદીપણ નહિ પરણું તેમ કહેતો ગયો ? આ સાંભળી તેના પિતા તેણે લઈને પોતાના ઘર તરફ પાછો ફર્યો.

દુર્ગંધાના પિતા પોતાની પુત્રીના લગ્ન માટે હર હંમેશા ચિંતા કર્યા કરે છે. પણ યોગ્યસ્થાન મળતું નથી. એક દિવસ શેઠને ઘરે બહુ સ્વરૂપ વાન કોઈ ભીખારી આવી ચઢયો. તેને શેઠે પોતાને ત્યાં રાખી લીધો અને કહ્યું કે જો તું મારા ઘરે રહીશ તો હું તને મારી પુત્રી પરણાવીશ. આમ કહી શેઠે તેને પોતાના ઘરે રાખ્યો. સુઅવસરે તેને પોતાની કન્યા પરણાવી. જ્યારે તે ભિખારી અને દુર્ગંધાનો મિલાપ થાય છે, ત્યારે ભિખારીને દુર્ગંધા પાસેથી ખુબજ દુર્ગંધ આવવા લાગી તેથી ભિખારીએ વિચાર કર્યો કે અહિં રહેવા કરતા ભીખ માંગીને જ રહેવું સારૂં છે આ સુખ મારે યોગ્ય નથી. આમ વિચારી ભિખારી સર્વ સુંદર પોષાક અને આભૂષણો મૂકી પોતાના કપડાં પહેરીને ચાલી નીકળ્યો. આથી દુર્ગંધા ખૂબ જ રડવા લાગી, સવારે દાસી મારફતે તેના માતા-પિતાને ખબર મળ્યા ત્યારે તેઓ પોતાની પુત્રીને કહેવા લાગ્યા કે હે વત્સ ! કર્મના સિદ્ધાંત પાસે કોઈ માનવીનું કશું જોર ચાલતું નથી. માટે હાલ તું ધર્મ કરણીકર, ધર્મના પ્રભાવે સર્વ સુખ પ્રાપ્ત થશે. આ સાંભળી દુર્ગંધા પણ મનમાં સંવેગભાવ ધરીને તપ-જપ વિગેરે કરવા લાગી.

થોડા સમય પછી એક દિવસ જ્ઞાની ગુરૂ તે નગરમાં પધાર્યા. શેઠે તેમને પૂછયું કે, હે ગુરૂદેવ ! આ મારી પુત્રીને આવો રોગ શાથી થયો ? આપ મારા ઉપર કૃપા કરીને તે રોગને મટાડવાનો ઉપાય કહો. ત્યારે ગુરૂએ કહ્યું કે, હે શેઠ ! તમારી પુત્રીને સાત વર્ષ અને સાત માસ સુધી રોહિણીનું તપ વિધિપૂર્વક કરાવો તે દિવસે ચઉવિહારો ઉપવાસ કરવો અને ભાવપૂર્વક ભગવાનની રત્નમય પ્રતિમાની પૂજા કરવી, તપ પૂર્ણ થયા પછી યથાયોગ્ય સારી રીતે ઉજમણું કરવું. જો આ તપ વિધિપૂર્વક કરાવશો તો સુગંધકુમારની જેમ સર્વ દુઃખો મટી જશે. દુર્ગંધાએ પૂછયું કે, હે મહારાજ ! એ સુગંધકુમાર કોણ હતો ? અને એણે એવું શું વ્રત કર્યું કે તેના સર્વે દુઃખો નાશ પામ્યા ? તે મને કહો. ગુરૂએ કહ્યું કે, એ સુગંધકુમારની વાત સાંભળ !

સિંહપુર નગરમાં સિંહસેન રાજા કનકપ્રભા રાણી સાથે રાજ્ય કરતો હતો. તેને એક પુત્ર થયો. તે અતિશય દુર્ગંધી હતો. તેથી તે સૌ ને અપ્રિય થઇ પડયો. એક વખત સિંહપુર નગરમાં પદ્મપ્રભસ્વામી પધાર્યા. તેમને વંદન કરવા સિંહસેન રાજા પરિવાર સહિત ઉપાશ્રયમાં આવ્યા. અને વ્યાખ્યાન શ્રવણ કર્યા બાદ રાજાએ પૂછયું કે, હે પ્રભુ ! મારો પુત્ર અતિશય દુર્ગંધી થયો તેનું શું કારણ હશે ? પૂર્વ ભવમાં તેણે કયું પાપ કર્યું હશે.

પ્રભુએ કહ્યું કે, હે રાજન ! સાંભળ નાગપુરથી બાર જોજન દૂર નીલપર્વત ઉપર એક શીલા ઉપર એક માસો પ્રવાસી સાધુ ધ્યાન ધરતા હતા. ધ્યાનાવસ્થામાં તે સાધુ ઉપર વ્યાધે ઉપદ્રવ કરવા માંડયો. એક દિવસ તે સાધુ નગરમાં એષણાર્થે ગયા. એટલે તે વ્યાધે શિલા ઉપર અગ્નિ સળગાવ્યો તેથી શિલા ખૂબ જ ગરમ થઈ ગઈ સાધુ ગોચરી વ્હોરી અગ્નિથી તપ્ત બનેલ શિલા ઉપર બેઠા. અતિકષ્ટ પરિસહ સહન કર્યું અને અંતે શુભ ધ્યાનથી કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયાં. બીજી બાજૂ પેલો વ્યાધ દુષ્ટ કર્મોથી કોઢિયો થયો અને મરણ પામીને સાતમી નરકમાં ગયો. અનેક ભવો ભમીને એક શ્રાવકના ઘરે અવતર્યો. ત્યાં પશુપાલનનો ધંધો કરવા લાગ્યો શ્રાવક હોવાથી નવકારમંત્ર શીખ્યાં એક વખત તે પશુપાલન વનમાં પશુઓ ચરાવતો હતો, ત્યારે વનમાં દાવાગ્નિ સળગી ઉઠયો. તે અગ્નિ ધીમે ધીમે આગળ વધતો વધતો જ્યાં પશુપાલ સૂતો હતો ત્યાં આવી પડયો અને પશુપાલ બળીને ભસ્મ થઈ ગયો. નવકારમંત્રના સ્મરણથી શુભ મૃત્યુ પામીને તારા ઘરે તારા પુત્ર તરીકે જન્મયો. પણ હે રાજન ! હજૂ તેના કર્મો પુરા ક્ષય થયા નથી તેથી તે મહાદુર્ગંધી થયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રીતે પોતાનો પૂર્વભવ સાંભળીને દુર્ગંધકુમારને જાતિ સ્મરણજ્ઞાન થયું તેથી તે ભગવંતને વંદન કરીને પુછવા લાગ્યો કે, હે પ્રભુ ! આ દોષથી હું કયારે છૂટીશ ? ત્યારે ભગવાને કહ્યું કે, હે કુમાર ! તું રોહિણીનું તપ કર તેથી બધું નિરાબાધ થશે અને સર્વ દોષોથી મુક્તિ મળશે. આ પ્રમાણે પ્રભુએ બતાવેલ માર્ગ પ્રમાણે તે દુર્ગંધકુમારેરોહિણીનું તપ કર્યું અને તે તપના પ્રભાવથી દુર્ગંધકુમારની દુર્ગંધ દૂર થઈ અને ધીમે ધીમે શરીર સુંગધીત થયું, આખરે તે દુર્ગંધકુમાર સુંગધકુમાર બન્યો.

આ પ્રમાણે ગુરૂમુખેથી દુર્ગંધકુમારની વાત અને રોહિણીતપનું મહાત્મ્ય જાણીને દુર્ગંધાએ રોહિણીતપ અંગીકાર કર્યું અને શુભ ધ્યાનથી તપ કરતા આત્મનિંદા કરતા તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેણે પૂર્વભવ જોયો અને તેથી તપજપમાં વધારે તન્મય બની ત્યાંથી આયુષ્ય પૂર્ણ થવાથી મરણ પામીને દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થઇ દેવલોકમાંથી ચ્યવિને અહીં ચંપાનગરીમાં મઘવા રાજાની પુત્રી થઈ તેનું નામ રોહિણી પાડયું. હે રાજા અશોક ! તમે તે રોહિણીને પરણ્યા છો, રોહિણીએ પૂર્વભવમાં ઘણું દાન આપ્યું છે. તેથી પટરાણી થઇ છે. અને રોહિણીતપના પ્રભાવથી દુઃખ શું કહેવાય તે જાણુતા નથી અને તપના ઉજમણાના પ્રભાવથી સંપૂર્ણ રિદ્ધિસિદ્ધિ પામી છે.

સિંહસેન રાજાએ સુગંધકુમારને રાજ્યગાદી સોંપીને દિક્ષા લીધી, સુગંધરાજા સારી રીતે પ્રજાપાલન કરતો આયુષ્ય પૂર્ણ થઈ મરણ પામીને દેવલોકમાં ગયાં ત્યાંથી પુષ્પકલાવતી વિજયમાં પુંડરિગીણી નગરીમાં કેવલકિર્તી રાજાને ત્યાં અકકિર્તી નામના ચક્રવર્તી તરીકે ઉત્પન્ન થયો, ત્યાં દીક્ષા લીધી. પછી બારમાં દેવલોકે ઈન્દ્ર થયાં અને ત્યાંથી ચ્યવીને અહિં તું અશોક નામનો રાજા થયો છે.

હે રાજન ! તે અને તારી રાણી રોહિણીએ એક જ સરખુ તપ કર્યું છે. તેથી રોહિણી ઉપર તારો અત્યન્ત સ્નેહ છે. અને તેથી જ તમો બને અત્યારે સુખી છો. વળી રાજાએ જ્ઞાની ગુરૂને પૂછયું કે, હે સ્વામિન ! મારી સ્ત્રીને આઠ પુત્રો અને ચાર પુત્રીઓ થઈ છે તે તેના કયા પુણ્યથી થયો છે ? ગુરૂએ કહ્યું કે, હે મહાભાગ્ય ! સાત પુત્રો તો પૂર્વભવમાં મથુરા નગરીના ભિખારી અગ્નિશર્મા નામના બ્રાહ્મણના પુત્રો હતા. તેઓ દરિદ્રકુળમાં જન્મયા હતા. તેથી ભિક્ષા માગવા જતા હતા પણ તેઓને કોઈ ભિક્ષા આપતું નહિં અને જ્યાં જાય ત્યાંથી ધક્કા ખાઇને પાછા આવવું પડતું.

એક વખત સાતે પુત્રો પરદેશ જવા નીકળ્યા. ભિખ માંગતા માંગતા પાટલીપુરમાં આવી પહોચ્યાં ત્યાં તેઓએ રાજકુમાર અને પ્રધાનપુત્રને જોયા. તેથી તેઓ આશ્ચર્ય પામ્યા. મોટાભાઈએ કહ્યું, હે ભાઇઓ ! આપણે પણ માણસ છીએ અને આ કુમારો પણ માણસ છે. પણ આપણામાં અને એનામાં કેટલું અંતર છે ? તે સાંભળી સૌથી નાનાભાઇએ કહ્યું કે, હે ભાઇ ! તેઓએ પૂર્વ ભવમાં પુણ્ય કર્યા છે, તેના ફળ ભોગવે છે અને આપણે પુણ્યહીન છીએ તેથી ઘર-ઘર ભીખ માંગીએ છીએ. પછી તેઓ ફરતાં ફરતાં એક જંગલમાં આવી ચડયા, ત્યાં એક મુનિરાજ કાઉસગ્ગ ધ્યાનમાં ઊભા હતા. તે સાતે બ્રાહ્મણ પુત્રો મુનિરાજ પાસે જઇને ઉભા રહ્યાં. મુનિએ કાઉસગ્ગ પૂર્ણ કરીને ધર્મોપદેશના આપી. તેથી સાત ભાઇઓ વૈરાગ્ય પામ્યા અને દીક્ષા લીધી. ચારિત્ર પાળીને મરણ પામી દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને અહીં હે રાજન ! તારા પુત્રો થયા છે અને આઠમો પુત્ર લોકપાલ પૂર્વભવમાં વૈતાઢય પર્વત ઉપર એક ભીલ વિદ્યાધર હતો. તે શાશ્વતા જિન પ્રતિમાની પુજા કરતો હતો. ત્યાંથી સૈધર્મ દેવલોકમાં દેવતા થયો. અને પછી અહીં તારો આઠમો પુત્ર લોકપાલ થયો છે.

તારી ચાર પુત્રીઓ પૂર્વભવમાં વિદ્યાધર રાજાની પુત્રીઓ હતી. તેઓ એક વખત ઉદ્યાનમાં રમવા





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગઈ હતી. ત્યાં એક મુનીરાજને ઉભેલા જોયા. મુનીરાજે તેઓને કહ્યું કે- હે, બાલિકાઓ! તમે ધર્મનું આચરણ કરો, તમારું આયુષ્ય હવે થોડું જ બાકી રહ્યું છે. માટે ધર્મધ્યાન, ધર્મકરણી કરો તેમાં પ્રમાદ કરશો નહિ. તેથી કુમારિકાઓએ પૂછયું કે, હે, મુનિ! અમારું આયુષ્ય કેટલું બાકી રહ્યું છે? મુનિરાજે કહ્યું કે– તમારું આયુષ્ય માત્ર આઠ પ્રહર જ બાકી રહ્યું છે તેથી તમો જ્ઞાનપંચમીનું તપ કરો.

આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળીને ચારે પુત્રીઓ પોતાના ઘેર આવી અને જ્ઞાનપંચમીનું વ્રત અંગીકાર કર્યું. ચારેય એક સ્થાનકે બેઠી અને શુભ ધ્યાનમાં લીન બની. એવામાં વીજળી પડી અને ચારેય પુત્રીઓ મરણ પામીને દેવલોકમાં ગઇ. ત્યાંથી ચ્યવીને અહીં તારી પુત્રીઓ થઈ છે

આ સાંભળી અશોકરાજા અને રોહિણીરાણીને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી પુર્વભવો જોયા અને વૈરાગ્ય પામ્યા. એક વખત શ્રી વાસુપુજય ભગવાન તે નગરના ઉદ્યાનમાં આવીને સમોસર્યા. રાજા તથા રાણી પરિવાર સહિત પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુની ધર્મદેશના સાંભળી ઘરે આવીને અશોક રાજાએ પોતાના પુત્રને રાજ્યગાદી સોંપી સાત ક્ષેત્રમાં ઘણું દ્રવ્ય વાપરીને રોહિણી રાણી સાથે ચારિત્ર અંગીકાર કર્યું અને બંને જણાં મોક્ષમાં ગયા આ પ્રમાણે આપણે પણ રોહિણીનું તપ રોહિણીની અને અશોકરાજાની જેમ સાચા તન, મન અને ધનથી કરીએ તો આપણને પણ મોક્ષ પ્રાપ્ત થાય

આ કથામાં મારાથી કાંઈ પણ ભુલચુક થઇ હોય અથવા તો જૈન સિદ્ધાંત વિરૂદ્ધ કાંઈ પણ લખાણ લખાણું હોય તો ક્ષમા યાચું છું.

## સંસાર ચક્ર

સંસારમાં સુખ–દુઃખનું ચાલતું યુદ્ધ એ આપણા જીવનની સતત ચાલતી પ્રક્રિયા છે. માનવ–જીવનનું એ અવિભાજ્ય અંગ છે જન્મનો સ્વીકાર કરીને આપણે જેમ મૃત્યુને અવગણી શકતા નથી તેમ સુખનો સ્વીકાર કરીને દુઃખને અવગણી શકતા નથી.

સુખ અને દુઃખ, પુણ્ય અને પાપ, સત્ય અને અસત્ય, ગતિ અને સ્થિતિ ઈત્યાદિ ચક્રોમાં જ આપણું જીવન વહેતું હોય છે.

જીવનના આ ચક્રોનો આપણે પરિચય કેળવીએ અને એમને બરાબર ઓળખી લઈએ તો સાચી શાંતિ મેળવવામાં એ મદદરૂપ થશે.

માનવમાં જેમ સુખ–દુઃખનો અનુભવ કરવાની શક્તિ છે તેમ એ અનુભૂતિમાથી મુક્ત થવાની શક્તિ પણ છે સંસારના સુખ દુઃખની અનુભૂતિમાંથી મુક્ત થવાની આ શક્તિને ખીલવવી એ સાચી આધ્યાત્મિક સાધના છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ સાહેબનું જન્મ સ્થળ "ધંધુકા"

લેખક : પ્રિન્સીપાલ શ્રી ડી. સી. બેલાણી એમ. જે. કોલેજ ભાવનગર.

મહાપુરુષોના જન્મસ્થળ પણ યાત્રાધામ ગણાય છે. તીર્થંકર ભગવંતોના જન્મ કલ્યાણકના સ્થળ તો પવિત્ર યાત્રાધામ ગણાય છે. એવી જ રીતે ધર્મના પ્રવર્તક આચાર્ય મહારાજો અને મુનિભગવંતોના જન્મસ્થળ પણ યાત્રાધામ બની જાય છે. આવા જ એક યાત્રાધામની આજે આપણે ચર્ચા કરીશું

આ યાત્રાધામ છે સાડા ત્રણ કરોડ શ્લોકના રચયિતા કલિકાલ સર્વજ્ઞ ૧૦૦૮ આચાર્યદેવશ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ સાહેબનું જન્મ-સ્થળ–ધંધુકા. ધંધુકાનગર એક પ્રાચીન નગર છે. નગર ક્યારે વસ્યું તેની ચોક્કસ માહિતી મળતી નથી. છતાં આઠમી કે નવમી સદીમાં ધંધુકરાજ નામના રાજાએ ધંધુકા વસાવ્યું હોય એવો મત છે.

ધંધુકા નગરના મોઢવાડા નામના લત્તામાં વિક્રમ સંવત ૧૧૪૫માં કારતક શુદ પૂર્ણીમાના પવિત્ર દિવસે જૈનશાસનના મહાન આચાર્યભગવંત શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ સાહેબનો જન્મ થયો. માતાનું નામ પાહીની અને પિતાનું નામ ચાચીંગ. આ તેજસ્વી બાળકનું સંસારી નામ ચાંગદેવ. સૌ કોઈ ચાંગો કહીને હુલામણે પ્રેમથી બોલાવે. ચાંગદેવ આઠ વર્ષના હતા ત્યારે ધંધુકામાં આચાર્ય મહારાજ શ્રી દેવચંદ્રાચાર્ય પધાર્યા. વ્યાખ્યાન સમયે ચાંગદેવને લઈને માતા પાહીની ઉપાશ્રયે ગયેલા ત્યારે આ નાનુ બાળક હિંમતપૂર્વક આચાર્ય મહારાજશ્રીની પાટ ઉપર બેસી ગયેલ તેથી આચાર્યદેવશ્રી દેવચંદ્રાચાર્યને પ્રેરણા થઈ કે આ બાળક તેજસ્વી છે અને જૈનશાસનનો ઉદ્ધાર કરશે. તેથી માતા પાસે બાળકની માંગણી કરી. માતાએ પ્રેમથી સંમતી આપી. પરંતુ ચાંગદેવના પિતા બહારગામ ગયેલા–તેમને પાછળથી ખંભાતના મંત્રીશ્રીએ સમજાવીને સંમતી મેળવી લીધી અને ચાંગદેવને વિક્રમ સંવત ૧૧૫૪માં ખંભાતમાં દીક્ષા આપવામાં આવી. આમ માત્ર નવ વર્ષની નાની ઉંમરે આચાર્યશ્રીનું દીક્ષાજીવન શરૂ થયું. આચાર્યશ્રીને સૂરીપદ વિક્રમ સંવત ૧૧૬૬ માં આપવામાં આવ્યું, અને વિક્રમ સંવત ૧૨૨૯માં આચાર્યશ્રી કાળધર્મ પામ્યા.

આચાર્યદેવશ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહા-રાજ સાહેબે જીવનકાળ દરમ્યાન ઘણા ગ્રંથો લખ્યા અને તેમણે લખેલા–રચેલા શ્લોકોની સંખ્યા સાડા ત્રણ કરોડ છે આ ઉપરથી પૂજ્ય આચાર્યદેવશ્રીની જ્ઞાનની આરાધનાનો ખ્યાલ આવી શકે છે.

આ લેખનોમૂળ હેતુ આચાર્યદેવશ્રી હેમચંદ્રા-ચાર્યસૂરીશ્વરજી મહારાજ સાહેબના જન્મ સ્થળ ધંધુકા નગરનો પરિચય કરાવવાનો છે. આપણે અગાઉ જોયું તેમ ધંધુકા નગર એક પ્રાચીન નગર છે. ધંધુકામાં આજે પણ વીશા, વોરા, અને વાલમ એમ ત્રણ મુખ્ય જ્ઞાતીઓની વસ્તી છે. વીશા એટલે વીશા મોઢ. વોરા એટલે મુસ્લીમ વોરા અને વાલમ એટલે કુકડીયા વાલમ બ્રાહ્મણ. આજે પણ ધંધુકામાં વીશા મોઢના ઘણા ઘર (લગભગ ત્રણસો–ચારસોથી પણ વધારે) છે. આ મોઢ જ્ઞાતિની મુખ્ય અટક શાહ હોય છે. આ મોઢ જ્ઞાતીમાં આપણા પૂજ્ય આચાર્યદેવશ્રીનો જન્મ થયો. તે ઉપરથી લાગે છે કે તે વખતે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોઢ જ્ઞાતી જૈન ધર્મ પાળતી હશે. હાલમાં તો આ મોઢ જ્ઞાતીના બધા માણસો વૈષ્ણવ ધર્મ પાળે છે. વૈષ્ણવ સંપ્રદાયના ગુરૂશ્રી વલ્લભાચાર્યજી મહારાજશ્રી ધંધુકા પધારેલા ત્યારે તેમના ઉપદેશ અને ચમત્કારથી આ મોઢજ્ઞાતીએ વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યો, તે પહેલા તેઓ જૈન હતા કે હશે એવુ અનુમાન થાય છે. અમારા એક સ્નેહી મોઢ કાકા (જે હાલ સ્વર્ગસ્થ છે), તેમના કહેવા પ્રમાણે તેઓ પહેલા જૈન હતા એવી માંહીતી મળે છે, આ મોઢજ્ઞાતીનો વસવાટ મુખ્યત્વે ધંધુકા શહેરના મોઢવાડામાં આજે પણ છે. આ મોઢવાડાનો લત્તો ત્યારે પણ હશે અને આ પવિત્ર લત્તામાં આપણા આચાર્યદેવશ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ સાહેબનો જન્મ થયો ધન્ય એ નગરી અને ધન્ય એ લત્તો કે જ્યાં પૂજ્ય આચાર્ય મહારાજનો જન્મ થયેલ.

ધંધુકાની મોઢ જ્ઞાતિ આજે પણ ઘણી જ સુશિક્ષિત અને સંસ્કારી ગણાય છે આવી આ મોઢ વણિક જ્ઞાતીમાં પૂજ્ય આચાર્યદેવનો જન્મ થયેલો. માતા પાહીનીદેવીએ પોતાનું આ તેજસ્વી બાળક શાસનને ચરણે ધર્યું, એ માતા પણ કેટલી સંસ્કારી અને ધર્મપ્રેમી હશે તે આ વાત પરથી જણાય છે.

આજે પણ ધંધુકા નગર તેના ધર્મપ્રેમ માટે જાણીતું છે. અમદાવાદથી પાલીતાણા વિહારમાર્ગમાં આવેલું છે. અમદાવાદથી ધંધુકા લગભગ ૧૦૫ કી. મી. છે અને ધંધુકાથી પાલીતાણા લગભગ ૧૧૦ કી. મી. છે આમ વિહારમાર્ગની બરાબર વચ્ચે આવેલું હોવાથી કા સુ. ૧૫થી અષાડ સુદ ૧૪ સુધી દરરોજ બસ અને મોટર દ્વારા સેંકડો યાત્રાળુઓ આવે છે. હાલમાં ધંધુકામાં બે દેરાસરો છે. ગામનું દેરાસર શીખરબંધી અને ભવ્ય છે. જેમાં શીતળનાથજી મૂળનાયક તરીકે છે. બીજુ દેરાસર એસ. ટી. સ્ટેન્ડ પાસે જૈન સોસાયટીમાં છે, જ્યાં ધર્મશાળા, ઉપાશ્રયો પણ છે. અમદાવાદથી પાલીતાણા જતા પ્રવાસીઓ પણ સોસાઈટીના દેરાસરે વાસુપુજ્ય સ્વામીના દર્શન કરવા આવે છે. ગામના દેરાસરજીની પ્રતિષ્ઠા ઇ. સ. ૧૯૫૪ માં થયેલી છે. અને સોસાયટી દેરાસરજીની પ્રતિષ્ઠા ઇ. સ. ૧૯૬૪માં થઈ છે. પ્રતિષ્ઠા પૂ૦ આચાર્યશ્રી મોતીપ્રભસૂરિ મ૦ સા૦ના હસ્તે થઈ.

ગામના દેરાસરનો ઇતિહાસ જાણવા જેવો છે ગામમાં ઈ. સ. ૧૯૫૪ માં નવું દેરાસર થયું તે પહેલા ત્યાં એક નાનું ઘરદેરાસર જેવું હતું. નવા દેરાસરનો પાયો ખોદતા અમુક ફુટની ઊંડાઇએ રાખ અને હાડકા એવી અશુચી નીકળી જેથી તે વખતે પૂજ્ય આચાર્યદેવોને પૂછીને પાયો ખૂબ જ ઊંડો લઇ જવામાં આવ્યો. અને ભૂમીપૂજન માટે માત્ર બે ચાર ભાગ્યશાળીને ગરગડી મારફત ઊંડે સુધી લઈ જવાય હતા. આ બધું અમે નજરે જોયેલું તે વખતે એક વૃદ્ધદાદા કે જેને અમે બાદશાહ કહેતા. તેઓ કહેતા કે ધંધુકા ગામ એક વાર કોઇ કાળના સપાટામાં દટાઇ ગયું હશે. પહેલા જ્યાં રાખ, હાડકાદિ નીકળેલ તે માટે એમ કહેવાતું કે પહેલા ત્યાં કુંભારવાડો હોય અથવા સ્મશાન પણ હોય તેથી ફરી ઉંડે સુધી પાણી નીકળે ત્યાં સુધી પાયો લઇ જવામાં આવ્યો. આમ આ ગામના દેરાસરની રચનામાં ઘણા અવરોધો ઉભા થયેલાં. પરંતુ નવા મૂળનાયક શ્રી શીતલનાથની પ્રતિમા ઘણા સૌમ્ય અને ચમત્કારી છે આ પ્રતિમાજીને અમદાવાદથી ધંધુકા જૈનસંઘના ઉત્સાહી યુવાનો ડોળીમાં ઉપાડીને પગપાળા ધંધુકા સુધી લાવેલા તે મને હજુ યાદ છે.

એક વખત એવો હતો કે ધંધુકામાં માત્ર એક જ સાધર્મિકનું ઘર હતું. ભાવસાર કુટુંબના લલ્લુજી મહારાજશ્રીની પ્રેરણાથી તેઓ બધા દેરાવાસી બન્યા. પછી સંખ્યા વધી- પરંતુ ગામની એટલે ધંધુકા જૈન સંઘની ખરી ઉન્નતિ ગામના દેરાસરના ચોકમાં પુજ્ય આચાર્યદેવશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ સાહેબની પ્રતિમાની સ્થાપના-પ્રતિષ્ઠા પછી ઉન્નતિ થઈ. આજે પણ આ દેરી અને આચાર્યશ્રીની પ્રતિમા છે. દર્શન કરવા જેવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. આ દેરીની સ્થાપના પછી આજુબાજુના ગામોમાંથી આજીવીકા માટે કેટલાય કુટુંબો આવીને ધંધુકામાં વસ્યા. આજે ધંધુકામા મૂર્તિપૂજક જૈન સંઘના લગભગ ૧૦૦ ઘર છે અને વસ્તી ૮૦૦ જેટલી છે. આ બધો પ્રતાપ પૂજ્ય આચાર્યદેવનો છે.

એમ કહેવાય છે કે ધંધુકા ગામ પાસે રેલ્વેનો પુલ થયો ત્યારે પણ ખોદકામમાં ઘણી મૂર્તિઓ વિ. મળેલ તદ્ઉપરાંત શહેરની મધ્યમાં મોઢવાડાના નાકે પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય મ૦ સા૦ની પ્રેરણાથી મહારાજા કુમારપાળે ગુરૂભક્તિ નિમિત્તે આચાર્ય મહારાજ સાહેબના જન્મ સ્થળે ઝોલીકાવિહાર અથવા પલ્યંકવિહાર નામે મોટું જૈનમંદીર બંધાવેલ જે આજે નથી. આજે ત્યાં કદાચ બીજા કોઈ ધર્મનું સ્થાનક છે. પરંતુ આજે આ બાબત કંઈ થઇ શકે એમ નથી. આ ઝોલીકાવિહાર (પલ્યંકવિહાર)ના દર્શન કર્યાનો ઉલ્લેખ ફાર્બસ રાસમાળામાં પણ છે.

ધંધુકા નગરના ઈતિહાસમાં બીજી મહત્વની બાબત એ છે કે પૂજ્ય આચાર્યશ્રી જિનદત્તસૂરિશ્વરજી મહારાજ સાહેબ કે જેઓ દાદાના નામે ઓળખાય છે અને જેમને ઠેરઠેર દાદાવાડી સ્થાપેલ છે, તેઓ પણ આ ગામમાં જન્મ્યા હતા. તેનો ઉલ્લેખ ઘણા પુસ્તકોમાં છે, જે અમે વાંચ્યો છે. આ પૂજ્ય આચાર્યશ્રી જિનદત્તસૂરીશ્વરજી મ૦ સા૦ પણ કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજીના સમકાલીન હતા, બન્ને આચાર્ય મહારાજો ઘણા સમર્થ હતા અને બન્નેના જન્મ સ્થળ તરીકે ધંધુકા આજે ગૌરવ લઇ શકે એમ છે.

આજે તો ધંધુકા નગરમાં બે જિનમંદીરો ઉપરાંત ઉપાશ્રયો, ધર્મશાળા વિ. છે. નગરની મધ્યમાં શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદીર પણ નવું છે. જે ઘણું જ વિશાળ છે અને જેનું ઉદ્ઘાટન તે વખતે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રેષ્ઠીવર્ય શ્રી સ્વ. કસ્તુરભાઈ લાલચંદભાઇના હસ્તે થયેલું. હાલમાં બીજુ ગુરૂમંદીર, જૈન સોસાઈટીમાં દેરાસરજીની સામે તૈયાર થય છે, આ ગુરૂમંદીરમાં પૂ૦ આચાર્ય મહારાજનું જીવનચરિત્ર પથ્થરમાં કંડારીને ચિત્રો દ્વારા મૂકવાનું છે. ભૂમિ ઘણી પવિત્ર છે. ગુરૂમંદીરનું કાર્ય ઘણું મોટુ છે. જૈન સંઘો, પૂજ્ય ગુરૂમહારાજો, યાત્રાળુઓ અને ઉદારદીલ શ્રેષ્ઠીઓ જો આ ગુરૂમંદીરના કાર્યમાં મદદ કરે તો કલીકાલ સર્વજ્ઞ આચાર્યદેવની સ્મૃતિ માટે ઋણુ અદા કરવાનું પુણ્ય પ્રાપ્ત થશે. આજે તો આ કાર્ય ધંધુકા જૈન સંઘના પ્રમુખ શ્રેષ્ઠીશ્રી પોપટલાલ પાનાચંદ ગાંધી રસ લઈને કરે છે, પરંતુ સમગ્ર ભારતના જૈન સંઘોને વિનંતી છે કે તેમના આ કાર્યમાં મદદ કરે. ગયા વર્ષે વિક્રમ સંવત ૨૦૪૫માં પોષ વદી ૧૧ ને ગુરૂવારે ધંધુકા જૈન સંઘના એક સેવાભાવી કાર્યકર શ્રી ચીમનકાકાનું પ્રતિક્રમણ કરતી વખતે સ્વર્ગગમન થયું અને ત્યાર પછી તેમની ખોટ પડી છે, પરંતુ શેઠશ્રી પોપટલાલ પાનાચંદ ગાંધી ખૂબ જ રસપૂર્વક ખંતથી આ કાર્ય આગળ ધપાવી રહ્યા છે, શેઠશ્રી પોપટભાઈ ઘણાં ઉદારદીલ છે, અને તેમની છાયામાં ધંધુકા જૈન સંઘ પ્રગતિ કરી રહ્યો છે.

એક વખત ધંધુકા જઇને જૈનમંદીરો, જ્ઞાનમંદીર ગુરૂમંદીર વિ.ના જરૂર દર્શન કરજો અને ઉદારદીલે મદદ કરજો એવી વિનંતી છે,

માસીકમાં સહકાર આપનાર સૌનો અંતઃકરણપૂર્વક આભાર

—તંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## જાણીતા પત્રકાર શ્રી ચીમનલાલ કલાધરને S. E. M. ની પદવી

અત્રેના જાણીતા ગુજરાતી કવિ, લેખક, પત્રકાર અને સામાજિક કાર્યકર શ્રી ચીમનલાલ એમ. શાહ 'કલાધર'ને તેમની સામાજિક, સાહિત્યિક અને પત્રકારિત્વ ક્ષેત્રની ઉત્તમ સેવા બજાવવા બદલ તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા S. E. M. (સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ)ની પદવી એનાયત કરવામાં આવી છે.

આવા કવિ, લેખક અને પત્રકારની ત્રિવિધ પ્રતિભા ધરાવતા આપણા સમાજના યુવાન, સંનિષ્ઠ કાર્યકર શ્રી ચીમનલાલ કલાધરને S. E. M. ની પદવી એનાયત કરીને મહારાષ્ટ્ર સરકારે તેમની બહુલક્ષી સેવાને બિરદાવી છે તેનું અમને ભારે ગૌરવ છે. શ્રી ચીમનલાલ કલાધર દ્વારા સાહિત્યની અને સમાજની હજુ વધુને વધુ સેવા થતી રહે તેવી અભ્યર્થના.

શ્રી ચીમનલાલ 'કલાધર' મુંબઈ તેમજ અન્ય સ્થળોની અનેક સંસ્થાઓમાં પોતાની સેવા આપી રહ્યા છે, તેમજ ઉત્તમ કોટીના લેખો લખી સારી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. તેમની પ્રગતિ માટે શુભેચ્છા....

* * *

## વકતૃત્વ-સ્પર્ધા

શ્રી જૈન કેળવણી મંડળ-મુંબઈ સંચાલિત શ્રી સી. ડી. મહેતા આંતર જૈન વિદ્યાલય વકતૃત્વ સ્પર્ધા અને ૧૪ મી ટ્રોફી સ્પર્ધા-સને ૧૯૯૦નો સમારંભ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના નિમંત્રણથી સંસ્થાના ઓગસ્ટ ક્રાંતિ માર્ગ પરના શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહના શ્રી મિશ્રીમલ નવાજી જૈન સભાગૃહમાં તા. ૭-૧-૯૦ને રવિવારે સવારે ૧૦ ૦૦ વાગે યોજાયેલ હતો.

આ પ્રસંગે મુંબઇના વિવિધ જૈન વિદ્યાર્થીગૃહોએ ભાગ લીધો હતો. શ્રી મ૦ જૈન વિદ્યાલય-મુંબઈ, શ્રી મ૦ જૈન વિદ્યાલય-અંધેરી, શ્રી સી. બી. મહેતા વિદ્યાલય-વડાલા, શ્રી સંઘરાજકા જૈન વિદ્યાલય-વડાલા, શ્રી વીરજી ક૦ દ૦ ઓસવાળ છાત્રાલય-ઘાટકોપર અને શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ-સાયન મળીને કુલ ૧૨ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેના નિર્ણાયકો તરીકે પ્રા પ્રકાશભાઇ મહેતા અને ડો. કલાબહેન શાહે સેવા આપી હતી. સ્પર્ધાનાં પરિણામો નીચે પ્રમાણે જાહેર થયાં હતાં. પ્રથમ ક્રમે શ્રી નિલેશ માવજી ગાલા-શ્રી મ૦ જૈન વિદ્યાલય અંધેરી, દ્વિતીય ક્રમે શ્રી પરેશ તલકચંદ દોશી-શ્રી મ૦ જૈન વિદ્યાલય-મુંબઇ અને તૃતિય ક્રમે શ્રી અરૂણ શર્મા-શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ-સાયન આ વર્ષની ટ્રોફી શ્રી મ૦ જૈન વિદ્યાલય - અંધેરીને પ્રથમ ક્રમ બદલ એનાયત થઈ છે. તે ઉપરાંત સ્વ. લવણપ્રસાદ શાહ તરફના પારિતોષિકો અને સ્. શ્રી મણીલાલ ગભરૂચંદ શાહ પાટણવાળાના પુત્ર શ્રી જયંતિભાઇ તરફથી પૂ૦ આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિજી મહારાજની પ્રતિકૃતિવાળા ચાંદીના સિક્કા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારને આપવામાં આવ્યા, શ્રી સી. એમ સંઘવી તરફથી બાકીના ભાગ લેનાર તમામને આશ્વાસન ઇનામો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપવામાં આવ્યા. તદુપરાંત "લોર્ડ મહાવીર" અને "જ્યોતિર્ધર જીવન ગાથા" એમ બે પુસ્તકોનો સેટ સ્પર્ધામાં ભાગ લેનાર તમામને આપવામાં આવ્યા.

* * *

## અભિવાદન સમારોહ

મહારાષ્ટ્ર સરકાર તરફથી "શ્રી નગીનદાસ જે. શાહ (વાવડીકર) ને વિકાસવાર્તા પારિતોષિક' એનાયત કરવામાં આવ્યું છે. તેના ઉપલક્ષ્યમાં મુંબઇની શ્રી ઘોઘારી જૈન સેવાસંઘ તથા સન્મિત્ર ગ્રુપ તરફથી તેમના અભિવાદનનો એક કાર્યક્રમ તા. ૭-૨-૯૦ ને બુધવારના રોજ શ્રી પરમાણંદ કાપડીયા હોલમાં યોજવામાં આવેલ. તે સમારંભનું પ્રમુખસ્થાન જાણીતા દાનવીર શેઠશ્રી દીપચંદ એસ. ગાર્ડીએ શોભાવેલ. અમો આ પ્રસંગે શ્રી નગીનદાસ વાવડીકરને તેઓ ખૂબ વિકાસ સાધે એવી શુભેચ્છા વ્યક્ત કરેલ, અને અભિવાદનના આ કાર્યક્રમને હાર્દિક ટેકો જાહેર કરેલ.

* * *

## શ્રી શ્રેયસ જૈન મિત્રમંડળના ઉપક્રમે ૨૦ મો પારિતોષિક વિતરણ સમારોહ ભાવનગર

શ્રી શ્રેયસ જૈન મિત્રમંડળના ઉપક્રમે તા. ૨૧-૧-૯૦ ને રવિવારના શ્રેણી ૫ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ ગ્રેજ્યુએટ, ડોકટર્સ, એન્જીનીયર્સ, એલ.એલ.બી. વિ.ને સન્માનવાનો અને પારિતોષિક વિતરણ કરવાનો "૨૦" મો શ્રેયસ પારિતોષિક સમારંભ મ્યુ. ટાઉન હોલમાં મુંબઇ નિવાસી શેઠશ્રી ઉત્તમચંદ છગનલાલના પ્રમુખસ્થાને અને શ્રીયુત શ્રી દિનકરભાઈ શાહ (જેસરવાળા) ના અતિથિ વિશેષપદે સમાજની વિશાળ ઉપસ્થિતિમાં યોજાઈ ગયેલ. આ પ્રસંગે ૬૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓનું સન્માન કરી પારિતોષિક એનાયત કરાયેલ.

આ પ્રસંગે શેઠશ્રી દીપચંદભાઇ ગાર્ડી, શ્રી જયંતભાઇ એમ. શાહ, શ્રી મહીપતરાય જાદવજી, શ્રી શશીકાંત ઝવેરી, તથા ૫૦ લાખનું કીડની સેન્ટરને દાન આપનાર શ્રી રસીકભાઇ દોશી, શ્રી સંઘના અગ્રણીઓએ પ્રવચનો અને શુભેચ્છા પાઠવેલ.

ઇનામો અને સન્માનપત્રો સમારંભના અતિથિ વિશેષ શ્રી દિનુભાઈ અને પ્રમુખશ્રી ઉત્તમભાઈ ગાંધી, શ્રી દિપચંદભાઇ ગાર્ડી, શ્રી મહીપતભાઇ, રસીકભાઈ દોશી, વિ. ના વરદ હસ્તે અપાયેલ.

સમારંભ સંચાલન શ્રી નવીનભાઈ કામદારે સંભાળેલ ઉપસ્થિત અતિથી વિશેષશ્રી અને પ્રમુખશ્રી કેળવણી વિષયક આ કાર્યને બિરદાવતું પ્રેરક પ્રવચન આપેલ.

આભારવિધિ સંસ્થાના મંત્રીશ્રીએ કરેલ. મણીલાલ ઘેલાભાઇ ઘડીયાળીના સહકારથી દરેક માટે સરબતની વ્યવસ્થા કરવામાં આવેલ.

* * *

## ધાર્મિક એજ્યુકેશન બોર્ડ પરીક્ષા—ભાવનગર

જૈન ધાર્મિક શિક્ષણ સમિતિના ઉપક્રમે મુંબઇ દ્વારા લેવાતી ધાર્મિક એજ્યુકેશન બોર્ડની પરીક્ષા તા. ૨૧-૧-૯૦ના રોજ ત્રિભોવનદાસ ભાણજી કન્યાશાળામાં લેવામાં આવી હતી. જેમાં ૩૫૦ ઉપરાંત વિદ્યાર્થી ભાઈ-બહેનો અને મોટેરાઓએ પરીક્ષા આપી હતી. ઉચ્ચ ધોરણના પરીક્ષાર્થીઓ પણ આ પરીક્ષામાં હતા. ધાર્મિક શિક્ષણના શુભેચ્છકો તરફથી દરેકને ચેવડા-પેંડાનો અલ્પાહાર આપવામાં આવેલ પરીક્ષાના નિરીક્ષણાર્થે સમિતિના સભ્યો ઉપરાંત સંઘના મંત્રીઓ વગેરેએ પ્રોત્સાહનપ્રેરક હાજરી આપી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૧૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૯૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩જો | ૮૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત વ્યાખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ. આ.શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫ ૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮ ૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only